**રામોલ પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૧૯૧૦૨૪૨૫૦૭૯૩/૨૦૨૫, બી. એન. એસ. ની કલમ –૩૦૩(૨)ના કામે આરોપી ઈમરાન મહંમદશરીફ છીપાનાઓની જામીન અરજી લગત હુકમ.**

(૧) આજ રોજ જામીન અરજી તથા કેસના પેપર્સ વંચાણે લીધું તેમજ આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા તથા સરકારપક્ષે એ.પી.પી.શ્રી નો જામીન અરજી લગત કરેલ શેરો વંચાણે લીધા.

(૨) આ કામે આરોપી તરફે વિ.વકીલશ્રીએ એવી રજુઆત છે કે, આરોપી સામે ધી.બી.એન. એસ.ની **કલમ–૩૦૩(૨)** વગેરે મુજબનો ગુનો નોંધાયેલ છે. તેમજ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી / તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરુધ્ધ અન્ય ગુના નોંધેલા હોવાની રજુઆત કરેલ છે અને તેનું લીસ્ટ પણ રજુ કરેલ છે, પરંતુ એ રજુઆત ધ્યાને લેતાં આરોપીની જામીન ના મંજુર કરી શકાય નહીં કારણ કે, આરોપીને તે ગુનાઓમાં દોષીત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ માનવાનું રહે. જેથી આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ વાંધો લેતાં મૌખિકમાં રજુઆત કરેલી છે કે, આરોપી ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે અને હાલના આરોપી આવા જ પ્રકારની ગુનાહીત પ્રવૃતિઓ કરવા માટે ટેવાયેલા છે, જેથી હાલના આરોપીને જામીન પર મુકત કરવા ના જોઈએ. તેમજ જો હાલના આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો તેઓ જામીન પર મુકત થયા બાદ ફરીથી આવા જ પ્રકારની ગુનાહીત પ્રવૃતિ કરે તેવી પણ પુરી શકયતા છે, જેથી પણ હાલના આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

(૪) બન્ને પક્ષકારોને વિ.વ.શ્રીન રજુઆત ધ્યાને લીધી.આરોપી સામે બી.એન.એસ.ની કલમ: <u>૩૦૩(૨)</u> માં સજાની જોગવાઈ વધુમાં વધુ ત્રણ વર્ષની છે. આમ આરોપી સામે ઉપરોકત ઉલ્લેખ કરેલ ગુનામાં વધુને વધુ સજાની જોગવાઈ ત્રણ વર્ષની છે અને બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૦ વંચાણે લેતાં આરોપીને જામીન પર મુકત કરવાની અત્રેની કોર્ટને સત્તા છે. ફરીયાદપક્ષ સરકારશ્રીએ કરેલ આરોપી સામે અન્ય ગુન્હા નોધાયેલ છે તે કારણસર આરોપીની જામીન અરજી રદ્દ કરી શકાય નહીં કારણ કે, ક્રિમીનલ જયુડીશપુડંશ સિધ્ધાંત મુજબ આરોપી જયાં સુધી દોષીત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોશ હોવાનું અનુમાન કર્યા કરવાનું હોય છે. જેથી પણ આરોપીને જામીન પર મુકત કરવો ન્યોયોચીત જણાય છે. તેમજ આરોપી અમદાવાદ ના કાયમી રહીશ હોય તેથી આરોપીની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજરી મળી રહેશે તેવી ફરિયાદપક્ષ તરફે રજુઆત કરેલ છે, પરંતુ તે રજુઆતને યોગ્ય શરતો રાખીને નિવારી શકાય તેમ છે.

(૫) આમ , આરોપી સામે આક્ષેપીત ગુનો, ગુનામા સજાની જોગવાઈ તથા ઉપરોકત કરેલી ચર્ચા તથા નામદાર વડી અદાલતના ચુકાદાઓથી જામીન અરજીના ન્યાયીક નિર્ણય કરવાના તબકકે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીને શરતોને આધીન જામીન પર મુકત કરવાનું ન્યાયોચીત જણાય છે જેથી હાલની જામીન અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાય છે જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**રામોલ પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૧૯૧૦૨૪૨૫૦૭૯૩/૨૦૨૫ ના કામે આરોપી ઈમરાન મહંમદશરીફ છીપાનાઓને** રૂા. ૧૫,૦૦૦/- (રૂપીયા પંદર હજાર) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન પર મુકત કરવામાં આવે છે.

**શરતો.**

(૧) આરોપીએ ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી કે, પ્રલોભન આપવા નહી .

(૨) આરોપી આવા પ્રકારના અન્ય ગુનામા સંડોવાય નહી.

(૩) આરોપીનું કાયમી રહેવાનું સરનામુ સરકારી દસ્તાવેજ સાથે તથા મોબાઈલ નંબરની જાણ કરવી તેમજ ફેરફાર કરવામાં આવે તો નામદાર કોર્ટને જાણ કરવી.

આજરોજ તા. ૦૭ મી, માહે- ઓગષ્ટ, સને-૨૦૨૫ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

(એચ. આર. ઠાકોર)
૨૯ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૨, અમદાવાદ શહેર
કોડ નં.- GJ - 01205

તા: ૦૭/૦૮/૨૦૨૫
સ્થળ: અમદાવાદ

#J P SADAT#